# ભક્તિ

**૧/૫૫ ૦.૨૫.૩૫ હર્ષ પટેલ, ભૂમિ સોની**

**અ.૯૫**

દુષ્કર ગુરુભક્તિ નકી;, દૃઢવૃત્તિથી જેહ,
સ્વીકારે, ના તેહને, કાલભીતિ સંદેહ. ૮૩.

વદે પાર્વતી શંભુનેઃ-, કૃપા કરી હે નાથ!
પ્રકાર ગુરુ ભક્તિ તણો, કહો મને સાક્ષાત્. ૮૮.

કહે ઈશઃ- ગુરુ ભક્તિ એ, સર્વ સિદ્ધપ્રદ જાણ;
કરવી ભાવે સર્વદા, ગુરુ સાક્ષાત્ શિવ માન. ૮૯.

સુલભ ગુરુ ભક્તિ આ નકી, આપે ફળ તત્કાળ;
તપોનુષ્ઠાનાદિક ફળે, વિલંબથી નિર્ધાર. ૯૧.

દુષ્કર વ્રત દાનાદિ એ, તેમ યજ્ઞાનુષ્ઠાન;
દુર્લભ સિદ્ધિ ત્યાં નકી, વિઘ્ન પ્રતિક્ષણ માન. ૯૨.

ગુરુભક્તિ નર જે કરે, પામે ફળ સત્વર;
જાણ તદંર્ગત સહુ, વ્રતયજ્ઞાદિકફળ. ૯૩.

માટે ગુરુ પાસે રહી, કરવી સેવા જાણ,
અનન્ય ભક્તિથી સદા;, શીઘ્રફલદ એ માન. ૯૪.

'રંગ' અભાગી આથડે, પાસે નિધાન તોય;
પૂર્વપુણ્ય વિણ ના જડે!, કર્મરૂપ મતિ હોય!! ૧૬૪.

**અ.૪૪**

ફાવે તેવી ભક્તિ પણ, અનુક્રમે એ જાણ,
પરા[1] ભક્તિમાં પરિણમે, અંતે જાણ સુજાણ. ૩.

જાણી એવું શ્રી ગુરુ, કરે નિરાશ ન તેમ;
પોષે તે તે ભક્તિને, આપી આશિષ એમ. ૪.

દત્ત દયાઘન શ્રીગુરુ, બ્રહ્મ પરાત્પર જાણ;
ભજતાં એને ભાવથી, સકામ પણ નર માન. ૬.

થાએ અધિકારી ક્રમે, પડે ન કદિએ તેમ;
તરે જન્મમૃત્યુ નકી, જાણ નિઃશંક એમ. ૭.

લાગે નીરસ કામના, ક્રમે એ થકી જાણ,
થાય ભક્ત નિરાશ[2] ને, તરે એમ તું માન. ૮.

**અ.૪૭**

ચાર ભક્ત શ્રી દત્તનાઃ, અથાર્થી ને આર્ત;
ત્રીજો જાણ મુમુક્ષુ તું, ચોથો મુક્ત ઉદાત્ત. ૩.

પુણ્યવંત ચારે નકી, એમા ના સંદેહ;
તોએ જ્ઞાની મુક્ત જે, શ્રેષ્ઠ સર્વમાં તેહ. ૪.

ઈશ્વર ભક્તિ આ નકી, હોય પુણ્ય તો થાય;
નહીં તો ક્ષુદ્ર દૈવતો, ભજતાં આયુષ્ જાય. ૫.

મનપૂર્વક જે થાય તે, થાએ સમ્યક જાણ;
ના તેવું કાયિક કદિ;, નકી વેઠ એ માન. ૮.

ચોંટે ચિત્ત ન ઘર મહીં, નીરસ વિષય પ્રમાણ;
ઉદાસીન વર્તે બધે, જાગ્રત્ ભજને માન. ૧૨.

ત્યજે કામ્ય કર્મો બધા, કરે કર્મ નિષ્કામ;
ધરી કામના મોક્ષની, સદા સ્મરે હરિનામ. ૧૩.

ઈશ્વરાર્પણ બુધ્ધિથી, કરે સર્વથા ધર્મ;
સ્વાધ્યાયે રત સર્વદા, રહે પામવા શર્મ. ૧૪.

પડે કદાપિ દૈવથી, કરતાં ભજન સુજાણ;
તારે ઈશ્વર એહને, કૃપા કરીને જાણ. ૨૯.

મહત્ત્વ ઈશ્વરભક્તિનું, જાણ નિશ્ચયે એહ;
પતન ન થાએ ભક્તનું, રક્ષે ઈશ્વર તેહ. ૩૦.

હોય દુરાચારી કદિ, દુર્વર્તન પણ તેમ,
થાતાં ઈશકૃપા ફરે;, પડે ભક્ત ના એમ. ૩૧.

દુષ્ટ વાસના ક્રમ થકી, થાએ નષ્ટ સુજાણ;
આવે શાન્તિ ચિત્તમાં, ક્રમે વિરક્તિ માન. ૩૨.

માટે ભક્તિ ગરીયસી, સાધન અન્ય ન એમ;
માન નિરંજન નિશ્ચયે, મા શંકા કર તેમ. ૩૩.

કાચા ઘટમાં ના ટકે, પાણી જેમ સુજાણ;
તેમ ભક્તિ શ્રધ્ધા વિના, કાચો રંગ પ્રમાણ. ૧૨૦.

**અ.૪૯**

જ્ઞાનનિષ્ઠ કાળે થઈ, દત્તસ્વરૂપે જાણ,
થાએ લીન સુધન્ય એ, ભક્તિપ્રભાવે માન! ૧૧૫.



૧. જેનાથી એ અવિનાશી બ્રહ્મનું જ્ઞાન થાય તે પરા ૨. નિષ્કામ

ફાવે તેવી ભક્તિથી, ભજતાં ઈશ્વર જાણ;
શુદ્ધસ્વાંત થઈ ક્રમે, પામે મુક્તિ માન. ૧૧૮.

**અ.૫૦**

વાયસને વિષ્ઠા ગમે, મોતી હંસને જેમ;
ચાહે વિષયી સ્ત્રીકથા, ભક્ત હરિકથા તેમ. ૫.

**અ.૪**

[1]'ભક્તિર્ગરીયસી કલૌ', કહે સ્વાનુભવ એમ;
સકળ શાસ્ત્ર એવું કથે, આપે પર પદ તેમ. ૫૦.

ભક્તિ માતા જ્ઞાનની, કરે વિભક્તિ[2] દૂર;
કૃપા થતાં ગુરુદેવની, થાય શુષ્ક ભવપૂર. ૫૧.

ધન્ય ભક્તિપ્રભાવ એ!, જેથી નિર્ગુણ બ્રહ્મ,
નામરૂપાત્મક થઈ, સગુણ નિવારે ભ્રમ. ૫૨.

કહે અલખઃ સુણ બાળ હે!, ભક્તિસ્વરૂપ અગમ્ય;
સર્વશ્રેષ્ઠ પ્રભુપ્રેમ જે, નિર્મળ અનન્ય રમ્ય. ૫૫.

ઈશ્વરભક્તિ એ નકી!, તત્સંગે આનંદ;
તદ્વિરહે વ્યાકુળતા;, ભજે સતી જયમ કંથ. ૫૬.

તદ્‌ભાવે ભજતાં હરિ, સદ્‌ગુરુ તેજ સ્વરૂપ,
પામે પરમાનંદ એ;, રહે કહાં ભવકૂપ. ૫૭.

શ્રવણ કીર્તન ને વળી, સ્મરણ પાદસેવન,
અર્ચન વંદન ભાવથી, દાસ્ય નિશ્ચલમન. ૫૮.

સખ્ય સદા હરિનું અને, આત્મ નિવેદન તેમ;
ભક્તિ નવવિધા કહી, પ્રેમલક્ષણા એમ. ૫૯.

પ્રથમ શ્રવણભક્તિ કહું, સાંભળ શિષ્ય સુજાણઃ-
કાયા વાચા મન સદા, રાખી સુદૃઢ માન. ૬૦.

નિંદ્રાતંદ્રાદિક ત્યજી, મૂકી આળસ દૂર;
સાંભળવા હરિગુણ સદા, યુદ્ધકથા જયમ શૂર. ૬૧.

અંતર્નિષ્ઠ રહે સદા, આસનબદ્ધ પવિત્ર,
સુણે અસૂયાદિક[3] ત્યજી, હરિગુરુલીલા ચિત્ર. ૬૨.

નિશ્ચલ શ્રદ્ધા અંતરે, કરે ન બીજી વાત;
દૃષ્ટિ નવ ડોલે કદિ, તે શ્રવણ સાક્ષાત્. ૬૩.

સદ્‌ગુણ સેવે સર્વદા, કરે શાસ્ત્રશ્રવણ;
નિશ્ચય આત્મસ્વરૂપનો, થાએ નિર્મલ મન. ૬૪.

શ્રદ્ધા વિણ કથા સુણે, કરે કુતર્ક અનેક;
ઊંઘે દેવદ્વારમાં, છોડી શ્રવણવિવેક. ૬૫.

મિથ્યા શ્રમ એ એમનો, જાય ન એથી ભ્રમ;
હાથ ન લાગે મુક્તિનો, શ્રવણે એવા ક્રમ. ૬૬.

સાવધાન માટે થઈ, પ્રેમે કરવું શ્રવણ;
સાંભળ બાળ હવે કહું, દ્વિતીય ભક્તિ, કીર્તન. ૬૭.

[4]અજન્માનું દિવ્ય જે, જન્મ કથાનક એહ,
ભાવે ગાતાં ના રહે, જન્મબીજસંદેહ. ૬૮.

પ્રીતે અક્રિય ઈશનું, દિવ્ય કર્મ પવિત્ર,
ગાવું; જેથી સહુ ટળે, કર્મવાસના ચિત્ર. ૬૯.

અખંડ શ્રદ્ધાભક્તિથી, કરવું લીલાગાન,
હરિગુરુસંતતણું સદા;, ટળે દેહ અભિમાન. ૭૦.

ગાતાં પ્રીતે જો ઊઠે, ચિત્તે સાત્ત્વિક ભાવ,
તોજ જન્મસાફલ્ય છે;, જાય દૂર ત્રિતાવ. ૭૧.

ભાવ હૃદયમાં માય ના, થાય કંઠ ગદ્‌ગદ્‌;[5]
રોમાંચિત તનુ પ્રેમથી, વહે અશ્રુ દડ્‌દડ્‌. ૭૨.

દેહભાન રહે નહીં, થાય વિદેહી ભક્ત!
કિર્તન ભક્તિ એ નકી, અન્ય દંભ અભક્ત. ૭૩.

ત્રીજી સ્મરણભક્તિ પછી, કહું લક્ષણ શ્રેષ્ઠઃ-
આઠેયમાં વ્યાપી રહી, એહ ભગવત્પ્રેષ્ઠ. ૭૪.

અંગ હજારો જેહનાં, રૂપ હજારો ચિત્ર,
નામ હજારો ને વળી, કર્મ અનંત વિચિત્ર. ૭૫.

એ સર્વનું ભાવથી, કરવું સ્મરણ અખંડ,
રાતદિવસ નિષ્ઠા થકી, રહે ન માયાબંડ ! ૭૬.

હરતાંફરતાં બેસતાં, ખાતાંપીતાં એમ;
સૂતાં સ્મરણ શમે નહીં, જાગતાં વળી તેમ. ૭૭.

ધ્યાન હૃદયમાં સર્વદા, મુખમાં પવિત્ર નામ;
શ્વાસ એહ વિણ એક ના, જાય ખાલી હરામ. ૭૮.

સ્મરણભક્તિ સુશ્રેષ્ઠ એ!, ચોથી સેવન જાણ;
મૂળે ઈશ્વર એક ત્યાં, સેવક સેવ્ય અમાન.[6] ૭૯.

૧. કલિમાં બીજા સાધનોથી ભક્તિ શ્રેષ્ઠ છે ૨. ભિન્નતા, ભેદ ૩. ગુણોને ઠેકાણે દોષારોપણ કરવું તે ૪. પરમાત્મા ૫. ગળગળો ૬. પ્રમાણ વગરના, મિત્યા, અતાત્ત્વિક

અનાદિ એ અજ્ઞાનથી, તોપણ દ્વૈતારોપ;
ઉત્તમાધમ ભાવ એ, કરે વ્યર્થ આરોપ. ૮૦.

અજ્ઞલોકપ્રવૃત્તિ આ, જોઈ શ્રુતિ દયાળ,
વદે સનાતન નિયમ એ;, નડે ન સંસૃતિજાળ. ૮૧.

વજ્રાંકુશધ્વજકંજથી, શોભિત હરિપદ જેહ,
સેવે શ્રદ્ધાભક્તિથી, પામે તત્પદ[૧] એહ. ૮૨.

સાધુસંતસેવા કરે, સેવે ગુરુપદકંજ;
માતપિતાસેવા થકી, રહે લેશ ના રંજ.[૨] ૮૩.

પાદસેવન ભક્તિ એ!, અર્ચન તત્પરિણામ;
પંચમ ભક્તિ એ નકી, આપે પદ નિર્વાણ. ૮૪.

પ્રતિમા કલ્પિત દેવની, કરી સગુણ સુંદર,
સદ્‌ભાવે પૂજન કરે, માની દેવસમ નર. ૮૫.

યથાસાંગ અર્ચન કરે, સર્વ સાહિત્ય પૂર્ણ,
પરંપરાગત માર્ગથી, પામે સિદ્ધિ તૂર્ણ. ૮૬.

ષોડશોપચારે કરે, પૂજન પ્રાતઃકાલ;
મધ્યાહ્નને નિષ્ઠા થકી, નિત્ય પંચોપચાર. ૮૭.

[૩]નીરાજન પુષ્પાંજલિ, રાતે અર્પણ તેમ;
ત્રિકાલ પૂજન ભાવથી, કરવું નિયમે એમ. ૮૮.

યથાપ્રાપ્ત ઉપચારથી, અથવા માનસ જાણ;
અનન્ય નિષ્ઠાથી સદા, કરવું પૂજન માન. ૮૯.

પોતાને જે જે રૂચે, ભાવે તે જ પ્રથમ,
અર્પણ કરવું દેવને;, એજ ગુર્વર્ચન ક્રમ. ૯૦.

અર્ચનમૂર્તિ હૃદયમાં, આપાદતલમસ્તક,
ધ્યાવી વિશ્વાસે સદા;, ટળે સર્વ અઘ[૪] અક.[૫] ૯૧.

વૃત્તિ સુસ્થિર રાખીને, એમ અખંડ ધ્યાન;
[૬]પૂજોત્તર ગુરુમંત્રનો, જાપ નિયમથી જાણ. ૯૨.

અર્ચનભક્તિ એ કહી!, છઠ્ઠી જાણ વંદન;
જેથી સમ વૃત્તિ થઈ, પામે સચ્ચિદ્‌ઘન. ૯૩.

પરબ્રહ્મથી માંડીને, વસ્તુ અણુ પર્યંત;
સ્થાવરજંગમ એ બધી, બ્રહ્મરૂપ અનંત. ૯૪.

નિશ્ચય રાખી ઉર વિષે, કરી દૂર અભિમાન;
વંદન કરવું ભાવથી, રુદ્રાધ્યાય પ્રમાણ. ૯૫.

સમદૃષ્ટિ રાખી બધે, બ્રાહ્મણ અંત્યજ એમ;
જ્ઞાની મૂરખ સર્વને, નમે દેવ સમ તેમ. ૯૬.

ગો કૂતર હય[૭] ખર સહુ, વસ્તુ ચરાચર જેહ;
દેવભાવથી વંદવી, કરી દૂર સંદેહ. ૯૭.

વાચ્ય દેહ સગુણ છે, લક્ષ્ય બ્રહ્મ નિર્ગુણ,
અંતર્યામી એક એ, ચાલક ભાસક પૂર્ણ. ૯૮.

દેહો દેવાલય બધાં, આત્મા દેવ અભેદ;
નિશ્ચય ભાવે વંદતાં, જડે ના શોધ્યો ખેદ. ૯૯.

સચ્ચિદ્ આત્મા એક એ, આસ્તિભાતિપ્રિયરૂપ,
નિષ્ઠા રાખી વંદતાં, પામે લોક અનુપ. ૧૦૦.

લોકો નિંદે જો કદિ, કરે ન એનો ખેદ;
માનામાન ગણે નહીં, વંદે દેવ અભેદ. ૧૦૧.

વંદનભક્તિ આ કહી !, સાંભળ દાસ્યલક્ષણઃ-
દાસ સ્વયં પ્રભુનો ગણી, વર્તે સાવધમન. ૧૦૨.

સેવા ગુરુ ઈશ્વરતણી, કરવી રાત્રંદિન;
દેહઅહંતા ગાળવી, વૃત્તિ તત્પદલીન. ૧૦૩.

પ્રમાદ આળસ મૂકીને, સહી માન અપમાન;
અનન્ય નિષ્ઠા રાખીને, સેવે શ્રીહરિ જાણ. ૧૦૪.

[૮]યોગક્ષેમની ના કરે, ચિંતા કદિએ ક્ષણ;
સેવામાં મન વચન ને, કરે દેહ અર્પણ. ૧૦૫.

દાસ્યભક્તિથી આ નકી, પાપ પલકમાં જાય;
વૈરાગ્યોદય અંતરે, જ્ઞાનદીપ્તિ ઉર થાય. ૧૦૬.

સખ્યભક્તિ જે આઠમી, સાંભળ તદ્‌ગુણ સાર;
કરવી મૈત્રી પ્રભુતણી, ટળે સકળ સંસાર. ૧૦૭

અનેક દેહ પડી ગયા, વીત્યા કલ્પ અનેક;
તોએ પ્રિયતમ[૯] મિત્ર જે, વસે અંતરે એક. ૧૦૮.

ક્ષણૈક છૂટો નવ પડે, કરવું તત્સહ [૧૦]સખ્ય;
[૧૧]નિરપેક્ષ અનન્ય જો, પામે પદ બ્રહ્માખ્ય[૧૨]. ૧૦૯.

એ વિણ પલક ગમે નહીં, ન પડે ચેન લગાર;
એ વિણ ડગ હાલે નહીં, લાગે અન્ય અસાર. ૧૧૦.

અંતર્યામી ઈશ એ, બહાર સદ્‌ગુરુરૂપ;
સર્વશ્રેષ્ઠ પર મિત્ર એ, એનું સખ્ય અનુપ. ૧૧૧.

૧. મોક્ષ ૨. ખેદ ૩. આરતી ૪. પાપ ૫. દુઃખ ૬. પૂજન થયા પછી ૭. ઘોડો ૮. અપ્રાપ્તની પ્રાપ્તિ તે યોગ અને પ્રાપ્તિનું રક્ષણ તે ક્ષેમ ૯. પરમેશ્વર ૧૦. મિત્રતા ૧૧. નિઃસ્વાર્થ ૧૨. મોક્ષ, બ્રહ્મ નામનું

તત્સખ્યે ભ્રાંતિ ટળે, જાય જીવશિવખેદ;
બ્રહ્માનંદ બધે લસે, એક અખંડ અભેદ. ૧૧૨.

તન મન ધન પરિવાર જે, સ્ત્રી પુત્ર ગૃહ ક્ષેત્ર,
ઈશ્વરસદ્‌ગુરુચરણમાં, કરવાં અર્પણ અત્ર. ૧૧૩.

સાત્ત્વિકભાવે સર્વદા, અનન્ય અર્પણ એહ;
આત્મનિવેદન ભક્તિ એ, ટાળે ભવસંદેહ. ૧૧૪.

શુદ્ધ બુદ્ધ હું સર્વદા, અપાપવિદ્ધ[1] પવિત્ર;
સ્વતઃસિદ્ધ અદ્વૈત હું, ત્યાં સાક્ષિત્વ વિચિત્ર ! ૧૧૫.

કર્તા ના હું જો કદિ, ક્યાંથી ભોકતૃત્વભૂત ?
બદ્ધત્વાદિક સર્વ એ, ઉટંગ તૂતેતૂત ! ૧૧૬.

નિત્યમુક્ત નિઃસંગ હું, એ અભ્યાસ અખંડ;
આત્મનિવેદન શ્રેષ્ઠ એ, ભક્તિતપ્ન પ્રચંડ. ૧૧૭.

એ ઉપર બેસી થયા, સંત સર્વ પ્રતિદેવ !
અત્રિ શિરોમણિ સર્વના, યત્સુત[2] થયા ત્રિદેવ!! ૧૧૮.

તત્સ્ત્રી અનસૂયા સતી, પતિભક્ત વિખ્યાત;
નિષ્ઠા દેખી બેઉની, દેવત્રિતય[3] સાક્ષાત. ૧૧૯.

બ્રહ્મા હરિહર અવતર્યા, દત્તસ્વરૂપે એક !
ધન્ય અનસૂયા સતી!, ધન્ય અત્રિવિવેક !! ૧૨૦.
**અ.૯૬**

અષ્ટ સિદ્ધિ નવ નિધિ ગૃહે, રહેશે અખંડ જાણ;
ચિંતાકષ્ટાદિક તને, નડે ન સ્વપ્ને માન. ૨૮.

પામી વર ગુરુથી તથા, ગયો જ્ઞાની થઈ ઘેર;
કહે ઈશ ભવાનીનેઃ-, એવી ગુરુની મ્હેર ૨૯.

★★★★★

### ભક્તિ

શ્રી ગુ.લી.માં નવધા-ભક્તિ દર્શાવી છે. શ્રવણ, કીર્તન, ને વળી સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદનભાવથી, હાસ્ય નિશ્ચલમન. સખ્ય સદા હરિનું અને આત્મનિવેદન તેમ, ભક્તિ નવવિધા કહી પ્રેમલક્ષણા એમ. (અ-૪/૫૮,૫૯)

આ નવધા ભક્તિમાં સ્મરણ-ભક્તિ સરળ છે. તે બાકીની આઠેય ભક્તિમાં વ્યાપેલી છે. બાકીની ભક્તિ કરતાં કરતાં સ્મરણ કરતાં જ રહેવું જોઈએ. પૂ.શ્રીએ પણ તેમનો સંદેશ એક જ વાક્યમાં આપ્યો છે. 'શ્વાસેશ્વાસે દત્તનામ સ્મારાત્મન'.

વળી બીજી રીતે જોઈએ તો સકામ અને નિષ્કામ ભક્તિની વાત પણ આવે છે. નિષ્કામ ભક્તિને શ્રેષ્ઠ દર્શાવી છે, પણ સકામ ભક્ત એક વાર ઈશ્વર પાસે દોડી જાય પછીએ અંતે નિષ્કામ થવાનો જ છે. આપણે જાણીએ છીએ.

'દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તે નિષ્કામ.'

સગુણ અને નિર્ગુણ. આ બે ભક્તિનો પણ મહિમા ગાયો છે. બંને સરખી જ છે. કોઈ ચઢિયાતી નથી. બંને સરખી જ છે. બંને પરસ્પરાવલંબી છે. સગુણમાંથી નિર્ગુણ ભક્તિમાં જવાય છે. તેવી રીતે નિર્ગુણમાંથી સગુણ ભક્તિમાં આવવું પડે છે. બંનેમાં તત્વતઃ કોઈ ભેદ નથી. તે માટે પૂ. વાસુદેવાનંદજીએ ચિખલદામાં નાટકીય લીલા કરી હતી. તેનો પણ ઉપાસનકાંડમાં ઉલ્લેખ છે. (દત્ત ભગવાને નર્કચતુર્દશીના દિવસે મંગલ સ્નાનની માંગણી કરી.)

ચિતશુદ્ધિ માટે યજ્ઞ, દાન, જપ, તપ, ધ્યાન વગેરે અનેક વિકર્મો બતાવવામાં આવ્યાં છે. એ સાધનોને સાબુ - ડીટરજન્ટની ઉપમા આપી શકાય. પણ ભક્તિ પાણી છે. સાબુ-સોડા મેલ કાપીને ચોખ્ખાઈ આપે છે પણ પાણી વગર એ બધાં શું કામ આપશે ? પણ એકલું પાણી નિર્મળપણું આપી શકે. પાણી સાથે એ બધાં આવે તો 'અધિકસ્ય અધિકં ફલં' જેવું થાય, કહો કે દૂધમાં સાકર ભળે.

નવધા ભક્તિ ઉપરાંત દસમી ભક્તિ પ્રેમ લક્ષણા સર્વશ્રેષ્ઠ છે. હજારો વર્ષો તપ કરતા ઋષિમુનિઓ કરતાં 'યથા વ્રજગોપિકાનામ્' પ્રેમલક્ષણા ભક્તિનો દરજ્જો ઘણો ઊંચો છે. તેનો કોઈ જોટો જ નથી.

૧. પાપથી અસ્પૃષ્ટ, પાપથી ન વિંધાયેલો ૨. જેના પુત્ર ૩. ત્રણ